સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લી.

બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. ૧૮૫, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં.-૦૭૯-૨૬૫૮૦૪૩૦ E-Mail:-office@srfdcl.com

## <u>ટેન્ડર નોટીસ</u>

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર પાર્કની અંદર કુલ ૧૬ ફૂડ કોર્ટ/શોપ્સ તૈયાર કરવામાં આવેલ છે. આ ૧૬ ફૂડ કોર્ટ/શોપ્સ માંથી **૧૦ ફૂડ કોર્ટ/શોપ્સ** તથા ફુટ ઓવર બ્રીજ પર ની **૨ ફૂડ કિઓસ્ક એકસાથે** ભાડેથી મેળવી બીઝનેસ કરવા અંગેની સુવર્ણ તક છે. આ અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટwww.ahmedabadcity.gov.in અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવેલપમેન્ટ કોર્પોરેશન લી. ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com પરથી ડાઉનલોડ કરી શકશે. તેમાં સંપૂર્ણ માહીતી ભરીને ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તા. ૦૫/૦૭/૨૦૨૨, સાંજે ૫.૦૦ ક્લાક સુધી રાખવામાં આવેલ છે.

એક્ઝીક્યુટીવ ડીરેકટર
સા.રી.ફ્રા.ડે.કો.લી.

| **આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે પરત કરવું** |
|---|
| **સ્થાન**: બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. ૧૮૫, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯. |
| **ફોન નં.**- ૦૭૯-૨૬૫૮૦૪૩૦ **E-Mail:**- office@srfdcl.com |

| **ટેન્ડર ફોર્મ** |
|---|
| **૧. અરજદારની વિગત** |
| અરજદાર વ્યક્તિ/ સંસ્થાનું પુરૂ નામ : |

| **અટક** | **નામ** | **પિતા/ પતિનું નામ** |
|---|---|---|
| | | |

| | | |
|---|---|---|
| મોબાઈલ નં. | | ઇ-મેઈલ: |
| ફોન નં. (ઘર) | | ફોન નં. (ઓફીસ): |

| |
|---|
| સરનામું (હાલનું): |
| સરનામું (કાયમી): |
| સરનામું (પત્ર વ્યહવાર માટેનું): |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

## ૨. અરજદારનું નિવેદન:

હું / અમે નામ:..............................................................................હોદ્દો:.................................................. જણાવીએ છીએ કે, અમો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર ગાર્ડનની અંદર બનાવવામાં આવેલ ૧૬ ફૂડ કોર્ટ શોપ્સ/માંથી **ફૂડ કોર્ટ શોપ્સ/નં. ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ એમ કુલ ૧૦ ફૂડ કોર્ટ/શોપ્સ (ફૂડ કોર્ટ શોપ્સ/નં. ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ નો કબ્જો એલ.ઓ.એ.આપ્યા સમયે મળી શકશે જ્યારે ફૂડ કોર્ટ શોપ્સ/નં. ૭ નો કબ્જો તા. ૧૦/૦૭/૨૦૨૨ બાદ મળી શકશે.)** તથા ફુટ ઓવર બ્રીજ પર ની **૨ ફૂડ કિઓસ્ક એકસાથે** લાઇસન્સ પેટે મેળવવામાં રસ ધરાવીએ છીએ. આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનીધી/ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ. તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જ્યારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

| ૩.અધિકૃત પ્રતિનીધીની વિગતો: | | | |
|---|---|---|---|
| નામ: | | | |
| સરનામું: | | | |
| મોબાઈલ ન. | | ઇ-મેઈલ | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૪. હું એ જાણું છું/અમે એ જાણીએ છીએ કે લઘુતમ માસિક ભાડાની રકમ કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપોઆપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને/અમોને સ્પષ્ટતા હોઇ હું/અમો ફ્લાવર પાર્ક માં આવેલ **૧૦ ફૂડ કોર્ટશોપ્સ/ તથા** ફુટ ઓવર બ્રીજ પર ની **૨ ફૂડ કિઓસ્ક** માટે નીચે મુજબની ઓફર આપું છું/આપીએ છીએ.

| લોકેશનની વિગત | ફૂડકોર્ટ નં. | લઘુતમ માસિક ભાડાની રકમ (રૂપિયામાં) | ૧૦ ફૂડ કોર્ટ/શોપ્સ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક માટે માસિક લાઈસન્સ(ભાડાની રકમ) ફીની રકમની ઓફર (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | | | અંકોમાં | શબ્દોમાં |
| સાબરમતી નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર ગાર્ડનની અંદર બનાવવામાં ફૂડકોર્ટ/કીઓસ્ક તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક | નં. ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ (કુલ ૧૦ ફૂડ કોર્ટ/શોપ્સ) તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક | લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફી ની રકમ રૂ.૨,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) | | |

**(નોધ: ટેન્ડરના કવર નં. ૨ માં આ પાનની વિગતો ભરીને મૂકવું)**

**નોંધ :૧. એક ફુડ કોર્ટ/શોપ્સ/ફુડ કિઓસ્ક ની લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ)ફી ની રકમ રૂ. ૨૨,૦૦૦/-નિર્ધારિત થયેલ છે (ફ્લાવર ગાર્ડનની અંદર બનાવવામાં આવેલ ૧૦ ફૂડકોર્ટ/કીઓસ્ક માટે રૂ.૨૨,૦૦૦ * ૧૦ = રૂ. ૨,૨૦,૦૦૦/- અને ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક માટે રૂ.૧૫,૦૦૦ * ૨ = 30,000).**

**૨. ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા ૫૦૦-/ ના ગુણાંક્માં પોતાની ઓફર લખવાની રહેશે**

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશા**

૫. સાબરમતી નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર ગાર્ડનની અંદર બનાવવામાં આવેલ ફૂડકોર્ટ/શોપ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક ની વિગતો:

| અ.નં. | ફૂડકોર્ટ /શોપ નં. | એરીયા (ચો.મી. માં) | અ.નં. | ફૂડકોર્ટ /શોપ નં. | એરીયા (ચો.મી. માં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨૯.૩૧૪ | ૬ | ૧૩ | ૨૯.૬૮૭ |
| ૨ | ૬ | ૨૯.૫૪૧ | ૭ | ૧૪ | ૨૯.૧૮૭ |
| ૩ | ૭ | ૨૯.૩૯૯ | ૮ | ૧૫ | ૨૯.૧૯૬ |
| ૩ | ૮ | ૨૯.૧૧૫ | ૯ | ૧૬ | ૩૦.૮૦૩ |
| ૪ | ૧૧ | ૨૯.૮૨૫ | ૧૦ | ફૂડ કીઓસ્ક નં.૧ | ૯.૦૦ |
| ૫ | ૧૨ | ૨૯.૧૭૨ | ૧૧ | ફૂડ કીઓસ્ક નં.૨ | ૯.૦૦ |

૬. ફ્લાવર પાર્ક માં આવેલ ૧૦ ફૂડકોર્ટ/શોપ્સ માં ડ્રેનેજ, પાણી તથા લાઇટની સુવિધા આપવામાં આવેલ છે.

૭. હું / અમે સાબરમતી નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર ગાર્ડનની અંદર બનાવવામાં આવેલ **૧૦ ફુડકોર્ટ/શોપ્સ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક** ભાડેથી મેળવવા માટે **ટેન્ડર ફોર્મ ફી રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)(Non Refundable)** તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** તરીકે **રૂ.૧, ૭૦, ૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ સીતેર હજાર પૂરા)** ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવી રહ્યા છીએ તેની વિગતો નીચે મુજબ છે.(ડિમાન્ડ ડ્રાફ્ટ "**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ** " ના નામનો બનાવવો.)

| નાણાની વિગત | ડિમાન્ડ ડ્રાફ્ટ ની વિગત | | | | |
|---|---|---|---|---|---|
| | નંબર | તારીખ | બેંકનુંનામ | શાખા | રકમ અંકમાં(રૂ.) | રકમ શબ્દોમાં (રૂ) |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** | | | | | | |
| ટેન્ડર ફોર્મ ફી | | | | | | |

<u>**નોંધ**:</u> ટેન્ડર ફોર્મ ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** ની રકમ RTGS/NEFT થી જમા કરાવી શકાશે નહી.

૮. મે/અમોએ ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપરિશન લીમીટેડ દ્વારા જાણ કરવામાં આવ્યેથી હું/અમે ફ્લાવર પાર્ક માં આવેલ **૧૦ ફુડ કોર્ટ /શોપ્સ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્કના** ત્રણ માસના ભાડા જેટલી રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે અને એક માસનું એડવાન્સ ભાડુ તથા મેન્ટેનન્સ જી.એસ.ટી.સાથે દિન-૧૫ (પંદર)માં ડિમાન્ડ ડ્રાફટથી અથવા યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ થી ટ્રાન્સફર કરાવીને જમા કરાવવા બંધાયેલ છીએ. ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ

ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સત્તા દ્વારા મને/અમોને ફાળવણી હુકમ આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ.

૯. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)ની** રકમ દિન-૬૦(સાઠ)માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.

૧૦. જો હું/અમોએ આપેલ કોઇપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ નો નિર્ણય આખરી ગણાશે અને જે બાબતે અમો કોઇ પણ પ્રકારનું લીટીગેશન કરીશું નહી.

૧૧. મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમે ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઇ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૨. ફુડકોર્ટ/શોપ્સ/ફુડ કિઓસ્ક ના લાઈસન્સ બાબતે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે નિર્ણય અને શરતો નક્કી થશે તે માટે હું/અમે બંધાયેલા છીએ.

૧૩. આથી હું/અમે જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઈ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલ ઓફર/ભાડાપટ્ટે ફાળવણી કરેલ ફુડકોર્ટ/શોપ્સ રદ કરવા / પરત લેવા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા જે નિણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૪. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત ભાડાપટ્ટે ફાળવવાની થતી ફુડકોર્ટ/શોપ્સ/ફુડ કિઓસ્ક અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર ફુડકોર્ટ/શોપ્સની જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૪ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૭ મુજબ અર્નેસ્ટમની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ફોર્મ ફીના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત પૈકી ૮ થી ૧૩ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

| અરજદારનું પુરૂ નામ | સહી અને તારીખ | સંસ્થાનો/હોદ્દાનો સિક્કો |
|---|---|---|
| | | |

**સાબરમતી નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર ગાર્ડનની અંદર બનાવવામાં આવેલ ૧૦ ફૂડકોર્ટ/શોપ્સ પૈકી ફૂડકોર્ટ/શોપ્સ નં. ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક લાયસન્સથી આપવા માટેની માહિતી તથા શરતો**

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ અંતર્ગત નદીની પશ્ચિમ દિશાએ સરદાર બ્રીજ અને એલીસબ્રિજની વચ્ચે આવેલ ફ્લાવર પાર્કની અંદર બનાવવામાં આવેલ ૧૬ ફૂડકોર્ટ/શોપ્સ પૈકીની હાલ ખાલી એવી ફૂડકોર્ટ/શોપ્સ નં. **૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તથા તા.૧૦.૦૭.૨૦૨૨ના રોજ ખાલી થનાર કુડકોર્ટ/શોપ નં ૭ એમ મળી કુલ ૧૦** ફૂડકોર્ટ/શોપ્સ **તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક** લાયસન્સથી **નવ વર્ષના** ભાડાપટ્ટાથી નીચેની શરતોએ આપવાની છે.

૧. જાહેરાતમાં જણાવેલ **કુડકોર્ટસ/શોપ્સ તથા ફૂડ કીઓસ્ક ૯ વર્ષના** ભાડાપટ્ટેથી લેવા માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com અને અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

૨. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં <u>તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ સાંજે ૦૫.૦૦ ક્લાક સુધીમાં</u> બીજો માળ,રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ .કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯, ખાતે જમા કરાવવાના રહેશે.

3. **ટેન્ડર તા. ૦૬/૦૭/૨૦૨૨ ના રોજ ૧૧:૦૦ કલાકે બીજો માળ,** રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ હાજર રહેલ ઓફરર્સ ની સમક્ષ ખોલવામાં આવશે.

૪. ટેન્ડરમાં ભાગ લેનાર તમામ પાર્ટીઓએ સાબરમતી નદીની પશ્ચિમ તરફ એલીસબ્રીજ અને સરદાર બ્રીજની વચ્ચે આવેલ ફ્લાવર પાર્કની અંદર બનાવવામાં આવેલ ૧૦ ફૂડકોર્ટ/શોપ્સ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્ક ભાડેથી મેળવવા રૂા.૫,૦૦૦/- **(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)(Non Refundable) ટેન્ડર ફી અને રૂ.૧, ૭૦, ૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ સીતેર હજાર પૂરા)નો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) નો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ**ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ પેયેબલ : અમદાવાદ બનાવી જમા કરાવવાનો રહેશે.

૫. <u>અ. ક્વોલીફીકેશન ક્રાયટેરીયા</u>

ફૂડકોર્ટ/શોપ્સ/ કીઓસ્ક ચલાવવાનો મીનીમમ ૨ વર્ષનો અનુભવ હોવો અનિવાર્ય છે. અનુભવ સિધ્ધ કરતાં દસ્તાવેજી પુરાવા કવર નં. ૧ માં મુકવાના રહેશે.

<u>બ. વાર્ષિક સરેરાશ ટર્નઓવર :</u>

આગલા ત્રણ વર્ષ એટલેકે ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ નો સરેરાશ ટર્નઓવર રુપિયા ૭૫,00,000/- (અંકે રુપિયા પંચોતેર લાખ પુરા) હોવો અનિવાર્ય છે. ઉપર જણાવેલ પ્રવૃતિમાંથી વાર્ષિક સરેરાશ ટર્નઓવર બતાવતું વૈધાનિક ઓડીટર/ રજિસ્ટર્ડ ચાર્ટડ એકાઉન્ટન્ટ્નું પ્રમાણપત્ર છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાનના કવર નં ૧ માં મુકવાના રહેશે.

૬. ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવા તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું લખવા. આ મોટા કવરની અંદર કવરનં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

**એ. કવર નં. (૧)** ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** અને ટેન્ડર ડોકયુમેન્ટ

- આ કવરની ઉપર "**ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ**" એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટના પાના નં. ૪ સિવાયના તમામ પાનાઓમાં જયાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતો ભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** ના ડીમાન્ડ ડ્રાફ્ટ તથા અરજદાર આધારકાર્ડ, પાનકાર્ડ ની નકલો અને બેંકપાસબૂક્ની નક્લ/કેંન્સલ ચેક આ કવરમાં મુકવાના રહેશે.

**એ. કવર નં. (૨)** -પ્રાઈસ બીડ

- આ કવર ઉપર ઓફરરે "**પ્રાઇસ બીડ**" તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનું રહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોક્યુમેન્ટનું પાના નં. ૪ (પ્રાઇસ બીડ) સહી સીકકા કરી આ કવરમાં મુકવાનું રહેશે.

૭. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** વિનાનું કે અધુરી વિગતોવાળું ટેન્ડર રદબાતલ ગણાશે.

૮. લાઇસન્સની ૯ (નવ) વર્ષની મુદ્દત પૂર્ણ થયા બાદ સક્ષમ સત્તાના દ્વારા નિર્ણય થયેથી વધુમાં વધુ ૨ વર્ષ વધારવામાં આવી શકશે અથવા જે-તે ફૂડકોર્ટ માટે નવું ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જે નિણય લેશે તે લાઇસન્સીને બંધનકર્તા રહેશે.

૯. ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ ડીમાન્ડ ડ્રાફટ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ના નામનો રજૂ કરવાનો રહેશે કોઇ બીજા અન્ય નામનું કે ડીમાન્ડ ડ્રાફટ વિનાનું થા ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૦.જેની ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ. દ્વારા કોઇપણ કારણસર ફુડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્કની જગ્યા લાઇસન્સ પર આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદ્ભવે ત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૧૧.ટેન્ડર ભરનારે સાઈટ, લોકેશન, યુટીલીટી, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે. આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેકશન માન્ય રાખવામાં આવશે નહી.

૧૨. લાઇસન્સી ફુડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્કની હયાત સ્થળસ્થિતિમાં સા.રી.ફ્.ડે.કો.લી.ની લેખિત મંજુરી વિના કોઇપણ પ્રકારનો હંગામી કે કાયમી ફેરફાર કરી શકાશે નહી.

૧૩. લાઇસન્સીએ જગ્યાનો ઉપયોગ ફુડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્ક તરીકે જ કરવાનો રહેશે તથા ફક્ત ફુડકોર્ટ/શોપની આગળની ખુલ્લી જગ્યા ક્સ્ટમરને બેસવા માટે ટેબલ ખુરશી મુકવા એટલેકે ફક્ત સીટીંગ એરીયા તરીકે ઉપયોગ કરી શકશે. લાઇસન્સી આગળની ખુલ્લી જગ્યામાં અન્ય કોઇ સામાન મુકી શકશે નહી.

૧૪. લાઇસન્સીએ ડસ્ટબીનની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશ, ફુડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્ક ની આજુબાજુ નિયમીત સફાઇ કરવાની રહેશે, અગ્નિશામક સામગ્રીની વ્યવસ્થા સ્વખર્ચે અચુકપણે કરવાની રહેશે. ધધાં સાથે જોડાયેલ હોય તેવા તમામ પ્રકારના જરૂરી સરકારી તથા અર્ધ સરકારી લાયસન્સ/મંજુરી/એન.ઓ.સી વિગેરે સ્વખર્ચે લેવાના રહેશે તથા તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરા ભરવાના રહેશે.

૧૫. ફુડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્કના ઉપયોગ દરમિયાન કોઇ પણ કુદરતી અથવા કૃત્રિમ કારણોસર જાનમાલનું નુક્શાન થશે તો તેની જવાબદારી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરિશન લીમીટેડ ની રહેશે નહીં તથા નુક્શાની અંગેનો કોઇપણ દાવો ગ્રાહય રાખવામાં આવશે નહીં.

૧૬. અન્ય સરકારી/અર્ધ સરકારી કચેરીઓના કાયદા હેઠળ જરુરી હોય તેવી પરવાનગી તથા લાયસન્સ લેવાના હોય તે ફુડકોર્ટ/શોપ/ફુડ કીઓસ્ક લાઇસન્સ પર લેનાર વ્યક્તિ/સંસ્થા એ લેવાના રહેશે. જાહેર આરોગ્ય, સલામતિ અને વ્યવસ્થાને લગતી સંબંધિત સત્તાની શરતો અને આદેશોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. જે ઓફરદારનું ટેન્ડર મંજુર થાય તેણે માસિક ભાડા ઉપરાંત ભાડા પર લાગુ પડતો જી.એસ.ટી. તથા માસિક મેન્ટેનન્સ ચાર્જ **રૂ.૧૫,૦૦૦/-** (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) અને તેના પર લાગુ પડતો જી.એસ.ટી. અલગથી ભરવાનો રહેશે.

૧૮. દર વર્ષે માસિક લાઇસન્સ ફીની રકમમાં તથા મેન્ટેનન્સ ચાર્જમાં અગાઉના વર્ષમાં ભરેલ માસિક લાઇસન્સ ફીની રકમ તથા મેન્ટેનન્સ ચાર્જમાં **૫% નો વધારો** કરવાનો રહેશે. તેમજ તે બન્ને પર લાગુ પડતો જી.એસ.ટી.અલગથી ભરવાનો રહેશે.

૧૯. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવશે, તેણે ત્રણ માસના ભાડા જેટલી રકમ સીક્યોરીટી ડીપોઝીટ પેટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશ લીમીટેડમાં દિન-૧૫માં જમા કરાવવાની રહેશે. જેમાં અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ મજરે આપવામાં આવશે. નિયત સમયમાં સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઇ નહી કરવામાં આવેતો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી માસિક ભાડાના હિસાબ પેટે બાકી રહેતી રકમ તથા જગ્યામાં થયેલ નુક્શાન જો કોઇ હોય તો તે તથા અન્ય જે કોઇ લેણાં હોય તે બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૨૦. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવે તેણે ઇલેક્ટ્રીક ચાર્જીસ ડીપોઝીટ પેટે રૂ.૨,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પુરા) સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશ લીમીટેડમાં દિન-૧૫માં જમા કરાવવાના રહેશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી ઇલેક્ટ્રીક બીલના હિસાબ પેટે બાકી રહેતી રકમ બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૨૧. જે વ્યક્તિ/સંસ્થાને ટેન્ડર મળે તેને ફૂડકોર્ટ/ શોપ ઓપરેશનલાઇઝ કરવા માટે એલ.ઓ.એ. આપ્યાની તારીખથી **૨ માસનો** મોરેટોરીયમ પીરીયડ આપવામાં આવશે. જો ૨ માસનો મોરેટોરીયમ પીરીયડ પત્યા અગાઉ કોઈ પણ એક ફૂડકોર્ટ/શોપ્સ ઓપરેશનલાઇઝ કરવામાં આવશે તો તે તારીખથી લાઇસન્સ ફી ના નાણાં વસુલ લેવામાં આવશે.

૨૨. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેઓ દ્વારા **૩ વર્ષ પહેલા** જો ફ્લાવર પાર્ક માં આવેલ ૧૦ ફૂડકોર્ટ/શોપ્સ તથા ફુટ ઓવર બ્રીજ પર ની ૨ ફૂડ કિઓસ્કનું પઝેશન પરત કરવામાં આવશે તો તેવા કિસ્સામાં સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી તમામ ફૂડકોર્ટ/ શોપ ફૂડ/ કિઓસ્કનું પઝેશન પરત લેવામાં આવશે.

૨૩. જેઓની ઓફર સ્વીકારમાં આવશે નહી તેઓને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સત્તા દ્વારા ટેન્ડર બાબતે અંતિમ નિર્ણય લેવાયેથી દિન-૬૦(સાઠ)માં વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨૪. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે નવ વર્ષ ની માસિક લાઇસન્સ ફી પેટેના કુલ ૧૦૮ પોસ્ટ ડેટેડ ચેક જમા કરાવવાના રહેશે. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે જમા કરાવેલ પોસ્ટ ડેટેડ ચેકમાંથી લાગુ પડતા માસનો ચેક લાઇસન્સર દર મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન લાઇસન્સ ફી પેટે બેંકમાં ડીપોઝીટ કરશે. આ પોસ્ટ ડેટેડ ચેક જમા ન કરાવવા અંગે અથવા હોલ્ડ પર રાખવા અંગેની લાયસન્સીની કોઇ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

અથવા

માસિક લાઇસન્સ ફી અને મેઈન્ટેનન્સ ચાર્જ લાઇસન્સરની સુચનાઓ અનુસાર, યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ દ્વારા ચુકવવાની રહેશે. લાઇસન્સ ફી દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન જમા કરાવવાનું રહેશે. જો કોઇ કારણસર ચેક બાઉન્સ થશે કે લાઇસન્સી દ્વારા દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન જે તે ઇલેકટ્રોનીક મોડ દ્વારા લાઇસન્સ ફી ચુકવવામાં નહી આવે  તો તે અંગે લાઇસન્સી સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે અને લાઇસન્સર દ્વારા લાઇસન્સીને દિન-૧૫ (પંદર) માં નોટીસ આપી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી, ફુડકોર્ટ/શોપ્સ/ફુડ કિઓસ્ક ખાલી કરાવી સા.રી.ફ્ર.ડે.કો.લી.દ્વારા કબજો પરત મેળવી લેવામાં આવશે.

૨૫. ફુડકોર્ટ/શોપ્સ/ફુડ કિઓસ્ક નો ઉપયોગ નોન વેજ ફુડ, ઇડાની વાનગી, તંબાકુ કે તેના ઉત્પાદનો વેચવા કરી શકાશે નહી. આમ થતુ ધ્યાને આવશે તો શરતોના ભંગ બદલ લાઇસન્સનો અંત લાવવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૬. ફુડકોર્ટ ના ઓપરેશનલ અવર્સ સાબરમતી રીવરફ્રન્ટના ઓપરેશનલ શીડયુલ મુજબ રહેશે તથા પોલીસ ખાતાના, એ.એમ.સી. ના , રાજ્ય સરકારના  વખતો વખતના અમલી નિયમો મુજબ વર્તવાનું રહેશે.

૨૭. લાઇસન્સીએ થર્ડ પાર્ટી કોમ્પ્રીહેન્સીવ ઇન્સ્યોરન્સ લેવાનો રહેશે અને તેની નકલ ઓથોરીટીને આપવાની રહેશે.

૨૮. લાઇસન્સીએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન/એ.એમ.સી./રાજ્ય સરકાર/લાગુ પડતી ઓથોરીટી દ્વારા વખતો વખત મળતી સૂચના તથા  નિયમોનું પાલન કરવાનું રહેશે.

૨૯. લાઇસન્સીએ લાયસન્સર સાથે લાઇસન્સ એગ્રીમેન્ટ કરવાનો રહેશે. જે અંગેનો તમામ ખર્ચ લાઇસન્સીએ ભોગવવાનો રહેશે.

૩૦. લાઇસન્સી દ્વારા ઉપર મુજબની શરતોનો ભંગ કરવામાં આવશે અથવા જાહેર સ્થળની આ ફુડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્કનો ઉપયોગ વિવાદાસ્પદ જણાશે તો સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા લાઇસન્સીને દિન : ૧૫ (પંદર)ની નોટીસ આપી ફુડકોર્ટ/શોપ્સ ખાલી કરાવી કબજો પરત મેળવી લેવામાં આવશે. આ બાબતે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપરિશન લીમીટેડ. નો નિર્ણય આખરી ગણાશે.

૩૧. કોઇ પણ કાયદાના ઉલંઘન બદલ અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થા દ્વારા ફુડકોર્ટસ ભાડે રાખનાર કે તેના કર્મચારી વિરુદ્ધ કોઇ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો તેની જવાબદારી સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે નહી.

૩૨. આ જગ્યાનો નિકાલ “ જયાં છે અને જેમ છે ” તે ધોરણે કરવામાં આવશે.

૩૩. કોઇપણ ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગેની સત્તા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ ની રહેશે.

૩૪. ઉપરોકત સિવાય અન્ય કોઇપણ બાબતો / વિવાદ અથવા અન્ય ઉપરોકત સંદર્ભોમાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે.

૩૫. લાઇસન્સી પાસેથી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જયારે પણ તેમની કાયદેસરતા / અધિકૃતતા / નોંધણી માટેના દસ્તાવેજોની માંગણી કરે ત્યારે લાઇસન્સીએ તે ચોકકસપણે પૂરા પાડવાના રહેશે. તેમ ન થયેથી ફાળવણી સંદર્ભે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે કોઇ નિર્ણય લેવામાં આવે તે ફૂડકોર્ટ/શોપ/ફુડ કિઓસ્ક ભાડાપટ્ટે લેનારને બાધ્ય રહેશે.

૩૬. ટેન્ડર ખોલવાની તથા હરાજીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન અરજદાર અથવા અરજદાર દ્વારા ટેન્ડર ફોર્મમાં પાના નં. ૩ પર મુદ્દા નં.3 માં જણાવેલ વિગત મુજબ અધિકૃત કરવામાં આવેલ વ્યકિતએ સુવાચ્ય એવા સરકાર માન્ય ઓળખપત્ર સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે સિવાયની કોઇપણ વ્યકિત ટેન્ડર ખોલવાની કે હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે માન્ય ગણાશે નહી.

૩૭..જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર/અરજદાર દ્વારા અધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે. જે તે ફુડકોર્ટ માટે ટેન્ડર ફોર્મમાં મહત્તમ મળેલ ઓફર કિંમતથી બોલી શરૂ કરવામાં આવશે. **હરાજીમાં ભાગ લેનારે રૂ. ૫૦૦/- ના ગુણાંકમાં** બોલી બોલવાની રહેશે. ઊંચી બોલી બોલનાર માંગણીદારની હરાજી આખરી કરતી વખતે, જે તે ફુડકોર્ટની જગ્યા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્વારા જો કોઇ અઘટિત વર્તન કરવામાં આવશે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- હરાજી કરનાર અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે ફુડકોર્ટસ/શોપ્સ /ફુડ કિઓસ્ક (જગ્યા)ની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે / સ્થગિત કરી શકશે
- કોઇપણ એક કે તમામ ફુડકોર્ટસ/શોપ્સ/ફુડ કિઓસ્કની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી સક્ષમ સત્તા અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૩૮. ટેન્ડર/હરાજીમાં સફળ થનારને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણોસર ફુડકોર્ટસલાઇસન્સ પરઆપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદભવે ત્યારે અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવા આવશે.

૩૯. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્વારા ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો ફાળવણી રદ કરી સીક્યોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યક્ત/સંસ્થા કોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૪૦. લાઇસન્સીએ મ્યુનિસિપલ પ્રોપટી ટેક્ષ, લાઇટ બીલ, પ્રોફેશનલ ટેક્ષ, પોતે ભરવાના રહેશે અને રીસીપ્ટની નકલ અત્રે જમા કરાવવાની રહેશે.

૪૧. રસ્તા પરથી આવતાં જતાં માણસોને આ જગ્યા પર ફુડકોટર્સ/શોપ્સ/ફુડ કિઓસ્ક આવેલ છે તે ખબર પડે તે માટે ફુડકોર્ટ/શોપ દીઠ એક જાહેરાતનું બોર્ડ ધાબા પર સ્ટ્રકચરલ ચેન્જીસ કર્યા સિવાય ટેકનીકલ વિભાગના અભિપ્રાય અનુસાર અત્રેના વિભાગની સૂચના મુજબ મુકી શકાશે.

૪૨. જરૂરિયાતના સંજોગોમાં સા.રી.ફ્.ડે.કો.લી. એક માસની નોટીસ આપી લાઇસન્સી પાસેથી પાસેથી ફુડકોર્ટ/શોપ્સ/ફૂડ કીઓસ્ક કીઓસ્કનો કબજો પરત લઇ શકશે. આ સંદર્ભે સા.રી.ફ્.ડે.કો.લી. કોઇ પણ કારણ આપવા બંધાયેલ નથી.

૪૩. લાઇસન્સીએ લાઇસન્સ એગ્રીમેન્ટની શરતો ઉપરાંત ટેન્ડર તથા એલ.ઓ.એ.ની પણ તમામ શરતો નું પાલન કરવાનું રહેશે.

૪૪. લાઇસન્સીએ ફૂડકોર્ટ/શોપ્સ/ફુડકિઓસ્ક કોવીડ-૧૯ની માર્ગદર્શિકા તદઉપરાંત કોઇ પણ સરકારી/અર્ધસરકારી/એ.એમ.સી.ની માર્ગદર્શિકા/નિયમ/સૂચના મુજબ સ્વચ્છ સ્થિતિમાં રાખવાની રહેશે.

૪૫. લાયસન્સી એ રજીસ્ટર્ડ લાઇસન્સ એગ્રીમેન્ટ એલ.ઓ.એ. આપ્યાની તારીખથી ૨ માસમાં અથવાફૂડકોર્ટ/કીઓસ્ક ઓપરેશનલાઇઝ કરતા પેહેલા, જે વહેલું હોય, તે મુજ્બ કરવાનો રહેશે.

૪૬. લાયસન્સીએ ફૂડકોર્ટ/ શોપ્સ /ફુડ કિઓસ્ક આ ટેન્ડર માં જણાવેલ થયેલ હેતુ સિવાય ના કોઈ પણ અન્ય હેતુ માટે વાપરી શકશે નહિ.

૪૭. **<u>ફોર્સ મેજ્યુર</u>**:

ફોર્સ મેજેઅરને કારણે, કોઈપણ પક્ષ અન્ય પક્ષ માટે જવાબદાર રહેશે નહીં અથવા વિલંબ અથવા નિષ્ફળતા હોય તો, કરારના સંબંધમાં તેની પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા પૂર્ણ કરવામાં કોઈપણ નિષ્ફળતાને કારણે કરારનું ઉલ્લંઘન કરતું હોવાનું માનવામાં આવશે નહીં.

કરારના હેતુ માટે, "ફોર્સ મેજેર" એ ભગવાનના અધિનિયમને કારણે બનતી કોઈપણ ઘટના,યુદ્ધ, યુદ્ધ જેવી પરિસ્થિતિઓ, નાકાબંધી, પ્રતિબંધો, બળવો, સરકારી નિર્દેશો અને સંરક્ષણ અધિકારીઓ અથવા સરકારની અન્ય કોઈપણ એજન્સીઓની હસ્તક્ષેપ, આગ, પૂર, ભૂકંપ, રમખાણો, હડતાલ, તોફાન, જ્વાળામુખી ફાટી નીકળવો, ટાયફૂન, વાવાઝોડા, ભરતીના મોજા, ભૂસ્ખલન, વીજળીના વિસ્ફોટ, વાવંટોળ, ચક્રવાત, સુનામી, પ્લેગ અથવા અન્ય રોગચાળો અથવા રોગચાળો સંસર્ગનિષેધ, લોકડાઉન, વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કટોકટી, યુદ્ધના કૃત્યો, આતંકવાદ અથવા તોડફોડના કૃત્યો, માળખા અને/અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિનાશ, ઊર્જાની લાંબી નિષ્ફળતા , મંજૂરીઓનું રદબાતલ, સરકાર દ્વારા આપવામાં આવેલ કોઈ વાંધો, સંમતિ, લાયસન્સ, કાયદામાં ફેરફાર, કાયદાકીય અને/અથવા સરકારી સત્તા દ્વારા કાર્યવાહી અને/અથવા હુકમ, જમીન અથવા તેના કોઈપણ ભાગનું સંપાદન, માંગણી અથવા નિકાલ, તૃતીય પક્ષની કાર્યવાહી અથવા સરકારી અથવા અન્ય સત્તા અથવા કમિશન અથવા બાદબાકી અથવા તેના દ્વારા અસરગ્રસ્ત પક્ષના નિયંત્રણની બહારનું કોઈ અન્ય કાર્ય.

બંને પક્ષો આ કરારની શરતો અને નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ વાજબી સાવચેતીઓ અને વાજબી વૈકલ્પિક પગલાં લેશે.

જો ફોર્સ મેજરને કારણે કરવું અશક્ય અથવા અવ્યવહારુ બને તો કોઈપણ પક્ષ કરારને સમાપ્ત કરી શકે છે;

અથવા

કોઈપણ સમયગાળો કે જેમાં પક્ષકાર, આ કરાર અનુસાર, કોઈપણ ક્રિયા અથવા કાર્ય પૂર્ણ કરી શકે, તે સમયગાળાની સમાન સમયગાળા માટે લંબાવી શકાય છે જે દરમિયાન આ ભાગ ફોર્સ મેજેઅરના પરિણામે આવી ક્રિયા કરવામાં અસમર્થ હતો. આ સંદર્ભમાં,સા.રી.ફ.ડે.કો.લી. નો નિર્ણય અંતિમ માનવામાં આવશે

૪૮. લાયસન્સીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના કોઈપણ અધિકારીને કોઈપણ રીતે પ્રલોભિત કરવામાં સામેલ જણાશે તો તેવા ઓફરદારે ને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ભવિષ્ય નાં બધા ટેન્ડર માં ભાગ લેવામાં બેન કરવામાં આવશે.

૪૯. ઓફરદાર એન્ટી બ્લેકલિસ્ટિંગ અને ભ્રષ્ટ અને કપટપૂર્ણ વ્યવહારો માટે અયોગ્યતાની ઘોષણા હેઠળ ન હોવા જોઈએ.

૫૦. લાયસન્સી એ ખાતરી કરવાની રેહશે કે ફૂડ કોર્ટ/શોપ/ફુડ કિઓસ્કમાં આપવામાં આવતો ખોરાક અને પીણાં આરોગ્યપ્રદ, હોય અને જરૂરી પ્રમાણપત્રો/જવાબદારીઓ સાથે શ્રેષ્ઠ ઉદ્યોગ ધોરણો અનુસાર હોય. સા.રી.ફ્.ડે.કો.લી./એ.એમ.સી./કોઈપણ સંબંધિત સત્તાધિકારીને સમયાંતરે ખોરાક અને પીણાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા માટે ફૂડ કોર્ટ/શોપમાં પ્રવેશ કરી શકશે. લાયસન્સીએ ફૂડ કોર્ટ/શોપ/ફુડ કિઓસ્કના સંચાલન માટે તમામ જરૂરી મંજૂરીઓ મેળવવાની રેહશે.

૫૧. લાયસન્સી ફૂડકોર્ટ/ શોપ/ફુડ કિઓસ્ક ને જાણીતી બ્રાન્ડને સબ-લીસ કરી શકશે તથા જેને પણ સબલીસ કરવામાં આવે તેની માહિતી અત્રેના વિભાગે અચૂકપણે આપવાની રહેશે. સા.રી.ફ્.ડે.કો.લી. માત્ર લાઈસન્સી જોડે જ સંપર્કમાં રહેશે. લાઈસન્સી એ લાયસન્સફીની રકમ અચુક્પણે ભરવાની રહેશે. કોઈ પણ સબ લીસીએ નાણાં આપ્યા નથી એવા કોઈ પણ કારણો સ્વીકારવામાં આવશે નહી.

૫૨. અરજદારએ પ્રોપટી ટેક્ષદર વર્ષે ચોક્કસપણે ભરવાનો રહેશે જો અરજદાર પહેલા વર્ષે.પ્રોપટી ટેક્ષ ભરવામાં ચુક કરશે તો તેની સીક્યોરીટી ડીપોઝીટમાંથી જે તે લાગુ-પડતી રકમ એડજસ્ટ કરવામાં આવશે તથા અડ્જસ્ટેડ રકમ દીન ૧૫ માં ફરજયાત જમાં કરવાની રહેશે જેથી સીક્યોરીટી ડીપોઝીટની કુલ રકમ ૩ મહીના ના ભાડા પ્રમાણે યથાવત રહેશે ,આવી ભુલ બીજા વર્ષે પણ થશે તો તાત્કાલીક અસર થી લાયસન્સ રદ કરવામાં આવશે તથા સીક્યોરીટી ડીપોઝીટઅને તમામ પ્રકારના નાણા જપ્ત કરવામાં આવશે અને લાયસન્સીને બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૫૩. ફૂડ કોર્ટ/શોપ/ફુડ કિઓસ્કમાં કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઈ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઈ પણ વ્યકિત ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૫૪. ફૂડ કોર્ટ/શોપમાં કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઈ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઈ પણ વ્યકિત ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૫૫. સા.રી.ફ્.ડે.કો.લી.દ્વારા કોઈ પણ સંજોગોમાં માત્ર અને માત્ર લાયસન્સી સાથે કોરેસ્પોન્ડન્સ કરવામાં આવશે કોઈ પણ સબ લીસી સાથે કોરેસ્પોન્ડન્સ કરવામાં આવશે નહી કે સબ લીસી ના કોઈ પણ પ્રકારના પત્રોનો જવાબ કરવા સા.રી.ફ્.ડે.કો.લી.બંધાયેલુ રહેશે નહી.

૫૬. સબ લીસીની કોઇ પણ પ્રકારની ગેરવર્તણુંક માટે લાયસન્સી જવાબદાર રહેશે.

૫૭. ન્યાયનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

ઉપરોક્ત ટેન્ડર/હરાજી અંગેની તમામ વિગતો, સામેલ શરતોથી અમો સુપેરે વિદિત છીએ. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.ની સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય મને/અમોને બંધનકર્તા રહેશે જેની સામે મારા/અમારા દ્વારા કોઇપણ વાંધો,ફરિયાદ, કોર્ટ લીટીગેશન કરવામાં આવશે નહી જેની અમો નીચે સહી કરનાર બાંહેધરી આપીએ છીએ.

**અરજદારની સહી/અંગુઠાનું નિશાન**

**તા.:-** ..........................

**સ્થળ:-** .......................

# એનેક્ષર-એ

**ફ્લાવર ગાર્ડનમાં આવેલ ટેન્ડરમાં જણાવેલ ૧૦ ફૂડકોર્ટ/શોપ્સ તથા ફૂટ ઓવર બ્રીજ પર આવેલ ૨ ફૂડ કીઓસ્ક નો લે-આઉટ**




Layout Plan of 10 FoodCourt/Shop at Flower Garden




**Layout of 2 Foodkiosk at Foot over Bridge**